

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સરકાર ધીમે ધીમે કોર્ટની પાંખો કાપે છે!*
*કોર્ટ મક્કમ બની હવે લાલ આંખો કાઢે છે!*
*બણબણે છે માંખો ગુન્હાની નેતાઓના નાકે -*
*કાંખો માં રાખો છો ન્યાય, ભવ્યભૂત ઝાંખો પડે છે...*
*(મા. ચીફ જસ્ટીસ શ્રી ઠાકુરનો રોષ)*

### હાઈકુ

*સળગે સીમા,*
*સમીક્ષા કર્યા કરો -*
*જાતે ઠરસે...*

*હવાઈ બની,*
*ઉડી ગૈ દિવાળી -*
*ધૂમાડો છોડી...*

### ચિંતન

**બિનુ બિગ્યાન કિ સમતા આવઈ, કોઈ અબકાસ કિ ન બિનુ પાવઈ,**
**શ્રદ્ધા બિના ધર્મ નહિં કોઈ, બિનુ મહિ ગંધ કિ પાવઈ કોઈ.**

ઉપરોક્ત સાખી રામાયણમાંથી લેવામાં આવેલ છે.

અવકાશ વિના શું સમાનતા આવે છે? આકાશ વિના શું અવકાશ પ્રાપ્ત થઈ શકે છે? શ્રદ્ધા વિના ધર્મ થતો નથી અને પૃથ્વી વિના કોઈ ગંધ પ્રાપ્ત કરી શકાતી નથી.

ધર્મની સફળતા શ્રદ્ધા અને વિશ્વાસમાં જ છે વિશ્વાસ અને શ્રદ્ધા વિનાનો ધર્મ યાંત્રિક કર્મકાંડ બની રહે છે.

પૃથ્વીને કારણે જ વાયુ અને જળ તત્ત્વનું મહત્ત્વ છે. ખેતી-વનસ્પતિ ફૂલ-બાગ-બગીચા-નદી-સરોવર 'પૃથ્વી'ની શોભા છે. એ પૃથ્વીનો આધાર લઈને જ વિકાસ પામે છે. બંને એકમેકની શોભા છે. માણસની સમજ-જ્ઞાન જ સાચી વાત-પરિસ્થિતિ નો પરિચય આપે છે. જ્ઞાન વિના સમાજમાં રહેવું કઠિન બને છે.

### સુવિચાર

- આપણો ધર્મ આપણા હૃદયમાં જીવતો રહેવો જોઈએ - **ડો. રાધાકૃષ્ણન્**
- બીજાની આંખમાંથી વહેતા આંસુ લૂછવાનો પ્રયત્ન કરવો એ જ ખરી કીર્તિ છે - **શેખ સાદી**
- તમે બાળક જેવા થાઓ વાંધો નથી,
  પણ તમારા બાળકને તમારા જેવું બનાવવા ફાંફાં મારશો નહીં - **ખલીલ જિબ્રાન**
- મને કશું મેળવવા કરતાં આપવામાં વધુ આનંદ આવે છે - **આઈન્સ્ટાઈન**
- વાસનાઓનો ત્યાગ કરો, ચિંતા સ્વયં તમારો પીછો દોડી દેશે - **હિતોપદેશ**
- દુ:ખ નથી બેફામ એનું કે મરણ આવી ઊભું, દુ:ખ ફક્ત એ જ કે જિંદગી ઓછી પડી - **બેફામ**
- આજનું ઔષધ : ચાર ગ્રામ મેથી, ચાર ગ્રામ સુંઠ, ચાર ગ્રામ ગોળની લાડુ બનાવી ખાવાથી ગઠિયા વામાં રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

ગમે તેવી સત્તા અને પદ મળ્યાં હોય પણ 'ત્યાગ-ભાવના' ના સંસ્કાર ન હોય તો બધું નકામું. આજે કુટુંબોમાં કોર્ટ-કેસ-કબીલા-કંકાસ ચાલતા હોય છે એનું મુખ્ય કારણ આ જ છે.

એક ગામમાં પિતાના અવસાન પછી બે ભાઈઓ વચ્ચે ખેતરનો ભાગ પાડવામાં કંકાસ થયો. ખેતરમાં એક બાજુ કૂવો અને બીજી તરફ મકાન હતું. ભાગ પડતાં બંનેમાંથી એકનો લાભ મળે તેથી મકાન કે કૂવાના લાભ માટે ખેતરના નાના-મોટો ભાગ કરવો જરુરી હતો. સંમતિ થતી નથી. કોર્ટે જવાનું નક્કી થયું - ત્યાં કોઈએ ગામના 'ભગત બાપા' જવાનું સૂચન કર્યું . ભગત બાપા ન્યાયી-સજ્જન હતા.

ભાઈઓએ સાથે મળી મુશ્કેલી વર્ણવી - ભગત બાપા કહે - આ તો સાવ સરળ છે એમાં કોર્ટે જવાની શી જરૂર? એક ભાઈ જાતે ઈશ્વરને સાક્ષી રાખી ખેતરનો ભાગ પાડે અને બીજાને પહેલી પસંદગી કરવાની તક આપો...

મોટાએ ભાગ પાડ્યો અને નાનાએ પોતાનો ભાગ પસંદ કર્યો - પ્રશ્ન સરળતાથી ઉકલી ગયો.

# કિંકર્તવ્યમૂઢ બની ગયેલી કેન્દ્ર સરકાર

**તંત્રીસ્થાનેથી...**

દીપોત્સવી જેવા પાવન પર્વ ટાણે પણ સરહદો સળગતી રાખીને પાકિસ્તાને એની દાનત દર્શાવી દીધી છે. આ સમસ્યાનો કોઈ જ કાયમી અંત નથી. પાકિસ્તાનને આપણી સેના કે સીમા સુરક્ષા દળો ગમે તેટલો 'જડબાતોડ' જવાબ આપે તો પણ એની સાન ઠેકાણે આવવાની નથી. નરેન્દ્ર મોદીથી લઈ અજિત ડોભાલ સુધીના વરિષ્ઠ સૂત્રધારોને આટલી સામાન્ય સમજણ ન હોય એમ માનવાનું કારણ નથી. મોદી અને રાજનાથ વારંવાર ઉચ્ચકક્ષાના અધિકારીઓ સાથે બેઠકો કરે છે, નવી વ્યૂહરચનાઓ ઘડે છે, પરંતુ અંતે કોઠી ધોઈને કાદવ કાઢ્યા જેવું જ પરિણામ મળે છે. તેઓ આપણાં સરહદી ગામડાં પણ નિર્દયપણે તોપગોળા વરસાવતા રહે છે અને આપણા સરહદી વિસ્તારની ચોકી કરતાં જવાનો એનો વળતો જવાબ પાઠવતા રહે છે. બેઉ પક્ષે ખુવારી ચાલુ રહે છે પણ બેઉ દેશોની સરકારો પોતપોતાના પક્ષે ઓછી અથવા નહીંવત્ ખુવારીની અને સામા પક્ષે ભારે ખુવારીની બડાશ મારતી રહે છે. પ્રજાને મૂર્ખ બનાવતી આ પ્રકારની રાજરમત હવે લાંબો વખત ચાલી શકે એમ નથી. બેઉ દેશોની ચૂંટાયેલી સરકારો અમન કરવાના મુદ્દે નિષ્ફળ ગઈ છે, એટલું તો અભણ ગામડિયો પણ સમજી શકે છે. મનમોહન સરકારનાં દસ વરસ દરમિયાન નહોતી થઈ એટલી તારાજી અને ખુવારી મોદી સરકારનાં અઢી વરસના શાસન દરમિયાન થઈ ચૂકી છે. આપણને એનો અંદાજ ન આવે કારણ કે આ તડાતડી કાશ્મીર સરહદ પૂરતી મર્યાદિત છે. પાકિસ્તાને રીતસરનું અઘોષિત યુદ્ધ જ શરૂ કરી દીધું છે. કાશ્મીરનો ઉકળતો ચરુ ક્યારેય શાંત નહીં જ પડી શકે, એની એ દુનિયાને અને ભારતને ખાતરી કરાવવા કૃતસંકલ્પ છે. આ પ્રશ્ન એવો તો પેચીદો છે કે એ મુદ્દે દુનિયાનાં સમર્થ રાષ્ટ્રો ભારતની તરફેણ કરવા માગે તો પણ કરી શકે એમ નથી. બ્રિટનનાં મહિલા વડાપ્રધાને આ મુદ્દે સ્પષ્ટ કર્યું છે કે અમે કાશ્મીર અંગે કશું કહેવાની સ્થિતિમાં નથી. બેઉ દેશો સાથે અમે સમાન વ્યવહાર કરતાં રહીશું. આતંકવાદ મુદ્દે આખી દુનિયા એક મંચ પર આવે અને પાકિસ્તાનને આતંકવાદનું પારણું ગણાવી એનો સંપૂર્ણ બહિષ્કાર કરે - એ મતલબની મોદીની માગણીને કોઈ હૂંફાળો પ્રતિસાદ સાંપડ્યો નથી. ફક્ત કેટલાંક સાર્ક રાષ્ટ્રોએ ભારત સાથે રહેવાનું વલણ અપનાવી પોતાનો મત પ્રગટ કર્યો છે ખરો, પરંતુ એમાં પણ નેપાળ જેવું પાડોશી રાષ્ટ્ર - એક સમયનું હિંદુ રાષ્ટ્ર જોડાયું નથી. ચીનનું વલણ હવે કોઈથી છાનું નથી. એ પાકિસ્તાનને એનું 'નેચરલ ફ્રેન્ડ' માની સમર્થન આપતું રહેશે. ભારત સામે મસમોટો પ્રશ્નાર્થ છે. 'સર્જિકલ સ્ટ્રાઈક' ના મુદ્દે દેશભરમાં જશ ખાટવાની મનોવૃત્તિ ધરાવતા શાસક પક્ષને 'યુદ્ધ એ જ કલ્યાણ' લાગતું હોય તો પણ એ હજી સુધી યુદ્ધનો નિર્ણય કરી શકેલ નથી. એ જાણે છે કે યુદ્ધ જાહેર કરવું તે ધાર્યા જેટલું સહેલું નથી. પાકિસ્તાન પાસે ભારત કરતાં વધુ સંખ્યામાં અણુ શસ્ત્રોનો ભંડાર છે, વળી, યુદ્ધ જાહેર થતાંની સાથે ચીન પાકિસ્તાનની પાંખમાં ભરાઈને હિમાલયમાં આગ લગાડી શકે છે. અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓ યુદ્ધવિરામ માટે અને જીતેલી જમીન પરત કરી દેવાનું દબાણ લાવી શકે છે.

# ઉપનિષદોની અમરવાણી



## અમર વારસો

ડો. રશ્મિકાન્ત મહેતા

ઉપનિષદો (ઈ.પૂ. ૧૫૦૦થી ઈ.પૂ. ૬૦૦) માં સર્વત્ર સુવિચારો પથરાયેલા છે. જેમ કે -

- આ સંસારમાં જે કાંઈ છે, તે બધામાં ઈશ્વરનો આવાસ છે.
- ત્યાગ રાખશો, તો સુખ ભોગવશો.



- કોઈના પણ ધનની લાલચ કરવી નહિ.
- ધનની બાબતમાં માણસને સંતોષ થતો જ નથી.
- પોતે અવિદ્યામાં હોય, છતાં પોતાને ધીરપુરુષ માને, વિદ્વાન માને આંધળાથી દોરવાતાં અંધ હોય, તેની જેમ અનિષ્ટોના વમળમાં ફર્યા કરે.
- તું જાણી લે - આત્મા રથી છે. શરીર રથ છે. બુદ્ધિ સારથિ છે. મન લગામ છે. ઈન્દ્રિયો અશ્વો છે. વિષયોમાં તેમની ગતિ છે.
- ઊઠ, જાગ, પસંદ કરવા લાયક છે, તે મેળવીને બરોબર જાણી લે. સત્યનો આ માર્ગ છે. ડાહ્યા પુરુષો કહે છે. તે પસાર કરવો મુશ્કેલ છે. છરીની ધાર જેવો તિક્ષ્ણ છે.
- આ તો સનાતન પીપળો છે. એનાં મૂળિયા ઉપર છે ડાળીઓ નીચે છે.
- સાચું બોલ. ધર્મ પાળ. સત્યને પાળવામાં આળસ ન કર. ધર્મને પાળવામાં આળસ ન કર. સ્વાધ્યાયમાં આળસ ન કર. ભણાવવામાં આવસ ન કર.
- દેવો અંગે પિતૃઓનાં કાર્યમાં આળશ ન કર.
- માતા દેવ છે, એવું માન, પિતા દેવ છે એનું માન. આચાર્ય દેવ છે એનું માન, અતિથિ દેવ છે એનું માનનારો થા.
- જે નિંદનીય ન હોય, એવા કાર્યો તારે કરવાનાં છે. બીજા નહિ.
- જે અમારાં (આચાર્યનાં) સારા કાર્યો છે, એ તમારે આચરવાનાં છે. બીજા નહિ.
- શ્રદ્ધાથી દાન કરવું. અશ્રદ્ધાથી ન આપવું. સંકોચ સાથે આપવું. સમજીને આપવું.
- અન્નની નિંદા ન કરવી. આ જ વ્રત છે. અન્ન છે, એ પ્રાણ છે. અન્નને કારણે શરીર છે. અન્નની અવગણના ન કરવી. આ જ વ્રત છે, અન્નને માન આપવું. આ જ વ્રત છે.
- જેવી રીતે કરોળિયો પોતાનામાંથી સર્જે છે અને પોતાનામાં વિલય કરે છે, જેવી રીતે પૃથિવીમાંથી વનસ્પતિ સર્જાય છે, અથવા જેવી રીતે મનુષ્યને કેશ અને રુંવાટી થાય છે તેવી રીતે અહીં ઈશ્વર થકી વિશ્વ સર્જાય છે.
- ૐકાર ધનુષ્ય છે. આત્મા બાણ છે. પરમાત્મા લક્ષ્ય છે. એકાગ્રતાથી સાવધ રહીને વીંધવાનું છે.
- બે પક્ષીઓ છે. મિત્રો જેવા છે. એક વૃક્ષ પર જોડાજોડ બેઠેલાં છે. આમાનું એક સ્વાદિષ્ટ પીપળ ખાય છે. બીજું ખાતું નથી, પણ જોયા કરે છે.
- સત્ય જ જીતે છે, અસત્ય ક્યારેય પણ નહિ.
- આ પરમાત્મા બળ વગરના ને મળતા નથી. પ્રમાદ હોય તો મળતો નથી, ભક્તિ વગરનું શુષ્ક જ્ઞાન હોય તો મળતો નથી.
- સુવર્ણના પાત્રથી સત્યનું મુખ ઢંકાયેલું છે. હે સૂર્ય, એ તું અમને ખોલી આપ. હું સત્યને - ધર્મને - જોઈ શકું.
- એ જન્મતો નથી, એ મરતો નથી, એ આત્મા છે, બીજા કોઈથી પ્રગટેલો નથી, એ અજન્મા છે, એ નિત્ય છે, એ શાશ્વત છે. એ પુરાણો છે. શરીર હણાય છે, પણ એ હણાતો નથી.
- હે અગ્નિ! તું અમને સારે રસ્તે દોરી જા. ત્યાં અમે અમારાં બધાં સારા કર્મોના ફળ ભોગવીએ.
- એ સૂરજ વગરના પ્રદેશો છે. આંધળા અંધારાથી ઘેરાયેલો છે. જે લોકો પોતાની અંદર રહેલા પરમાત્મા ને ઓળખતા નથી, તેઓ દેહ છોડ્યા પછી ત્યાં જાય છે.
- એકવાર પણ અંદર રહેલો પરમાત્મા ઓળખાઈ જાય તો તેના હૃદયની ગાંઠો ખૂલી જાય, બધા સંશયો છેદાઈ જાય, કર્મોનાં બંધન નાશ પામે.

ઉપનિષદોની આ અમરવાણી પ્રેરણાદાયક છે.

# વિશ્વકપ ક્રિકેટમાં પ્રથમ હેટ્રીક લેનાર ભારતીય ખેલાડી કોણ છે?



## ખજાનો

અનિલ પટેલ

### રમતજગત

(૧) બેઝબોલના રમતના મેદાનને શું કહે છે?
(અ) ડાયમન્ડ (બ) પ્લેટીનમ
(ક) ગોલ્ડન (ડ) ત્રણમાંથી એક પણ નહીં

(૨) બ્રાઝિલની રાષ્ટ્રીય રમત કઈ છે?
(અ) વૉલીબોલ (બ) ફૂટબોલ
(ક) બાસ્કેટ બોલ (ડ) ક્રિકેટ

(૩) નીચેનામાંથી કઈ રમત જાપાનની રાષ્ટ્રીય રમત છે?
(અ) કરાટે (બ) જુડો
(ક) જિમ્નાસ્ટિક (ડ) તીરંદાજી

(૪) નવાબ પટોડી નીચેનામાંથી કયા નામે ઓળખાય છે?
(અ) લાયન (બ) લેપર્ડ
(ક) ટાઈગર (ડ) ક્રિકેટના જાદુગર

(૫) વિજય હજારે ટ્રોફી કઈ રમતમાં આપવામાં આવે છે?
(અ) બાસ્કેટ બોલ (બ) ક્રિકેટ
(ક) હોકી (ડ) કબડ્ડી

(૬) ૫૫૫ વિશ્વકપ કઈ રમત સાથે સંકળાયેલ છે?
(અ) બેડમિન્ટન (બ) ફૂટબોલ
(ક) બાસ્કેટ બોલ (ડ) વૉલીબોલ

(૭) માઈનુલ હક સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) કાનપુર (બ) આગ્રા
(ક) લખનૌ (ડ) પટના

(૮) ક્રિકેટ માટેનું જાણીતું પ્રેમદાસા સ્ટેડિયમ કયાં આવેલું છે?
(અ) કોલંબો (બ) ચેન્નાઈ
(ક) બેંગ્લોર (ડ) કોલકાત્તા

(૯) સુધીર પર કઈ ભારતીય રમત સાથે સંકળાયેલ છે?
(અ) કબડ્ડી (બ) હોકી
(ક) ખોખો (ડ) તીરંદાજી

(૧૦) નીચેનામાંથી કયો ખેલાડી ક્રિકેટર નથી?
(અ) ધનરાજ પિલ્લે (બ) સલીમ દુરાની
(ક) અંજુમ ચોપડા (ડ) શુભાંગી કુલકર્ણી

(૧૧) નીચેનામાંથી કયા ખેલાડી ગોલ્ફ રમત સાથે સંકળાયેલ છે?
(અ) ગરિમા ચૌધરી (બ) રોહન બોપન્ના
(ક) તાન્યા સચદેવ (ડ) ગગનજીત ભુલ્લર

(૧૨) નીચેનામાંથી કયા ખેલાડી તરણ સ્પર્ધા સાથે સંકળાયેલ નથી?
(અ) મિહિર સેન (બ) લજ્જા ગોસ્વામી
(ક) બુલા ચૌધરી (ડ) આરતી સાહાનુ

(૧૩) દીપિકા પલ્લિકલ શા માટે જાણીતી છે?
(અ) સ્કવૉશ (બ) પર્વતારોહણ
(ક) તીરંદાજી (ડ) જિમ્નાસ્ટિક

(૧૪) વિશ્વકપ ક્રિકેટમાં પ્રથમ હેટ્રીક મારનાર ભારતીય ખેલાડી કોણ છે?
(અ) અનિલ કુંબલે (બ) ચેતન શર્મા
(ક) મોહિન્દર અમરનાથ (ડ) મદનલાલ

(૧૫) બોક્સિંગ માટે જાણીતો માઈકલ ટાઈસન કયા દેશનો ખેલાડી છે?
(અ) બ્રાઝિલ (બ) અમેરિકા
(ક) કોરિયા (ડ) ન્યૂઝીલેન્ડ

### વિવિધા

**વિષય : વિશ્વના જાણીતાં ભૌગોલિક સ્થળ અને તેનાં ઉપનામ**

| | | |
|---|---|---|
| બહેરીન | : | મોતીનો ટાપુ |
| કાશ્મીર | : | પૃથ્વી પરનું સ્વર્ગ |
| એન્ટાર્કટીકા | : | વિશ્વની પ્રયોગશાળા |
| ઈસ્તંબૂલ | : | યુરોપનું પ્રવેશદ્વાર |
| થાઈલેન્ડ | : | સફેદ હાથીનો દેશ |
| લિમ્પોપો | : | મગરોની નદી |
| ક્યૂબા | : | ખાંડનો કટોરો |
| ઝાંઝીબાર | : | લવિંગનો ટાપુ |
| જિબ્રાલ્ટર | : | ભૂમધ્ય સમુદ્રની ચાવી |
| મ્યાનમાર | : | પેગોડાનો દેશ |
| જાપાન | : | ઉગતા સૂર્યનો દેશ |
| વેનિસ | : | એડ્રિયાટીક સાગરની રાણી |
| બેલગ્રેડ | : | સફેદ શહેર |
| સ્ટોકહોમ | : | ઉત્તરનું વેનિસ |
| ફિનલેન્ડ | : | હજારો સરોવરોની ભૂમિ |
| રોમ | : | સાત ટેકરીયોનું શહેર |
| ડેટ્રોઈટ | : | મોટરોનું શહેર |
| બેલ્જિયમ | : | યુરોપનું પાનીપત |
| શ્રીલંકા | : | હિંદ મહાસાગરનું મોતી |
| સેન ફ્રાન્સિસ્કો | : | સુવર્ણદ્વારનું શહેર |
| ઈજિપ્ત | : | નાઈલની ભેટ |
| સ્વિટ્ઝર્લેન્ડ | : | યુરોપનું પ્લેગ્રાઉન્ડ |
| એબરડીન | : | ગ્રેનાઈટ પથ્થરનું શહેર |
| જયપુર | : | ગુલાબી શહેર |
| ઓકાસા | : | પૂર્વનું માન્ચેસ્ટર |

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : સરદાર વલ્લભભાઈ પટેલનું સૌથી ઊંચું પૂતળું 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' કયા સ્થળે નિર્માણ પામી રહ્યું છે?**
**જવાબ : કેવડીયા કોલોની - સાધુબેટ - સરદાર સરોવર ડેમ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) ઋચિત એ પટેલ : ધોળેશ્વર પાસે, ગાયત્રી રેસી., (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬ (૫) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : સે-૬બી (૬) પંકજ. આર. પ્રજાપતિ : ઉવારસદ (૭) અનિકેત સુમેસરા : સે-૨૪, ૫૯૬, આદર્શનગર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં કયા પૂર્વ સૈનિકે 'વન રેંક વન પેન્શન' ના હક્ક માટે આત્મહત્યા કરી?**

**'ગાંધીનગર સમાચાર'-ખજાનો વિભાગ,**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) અ (૨) બ (૩) બ (૪) ક (૫) બ (૬) ડ (૭) ડ (૮) અ (૯) બ (૧૦) અ (૧૧) ડ (૧૨) બ (૧૩) અ (૧૪) બ (૧૫) બ

# ગુજરાતીઓ જેના સદાય ઋણી છે તે મોટાગજાના નિબંધકાર : ફાધર વાલેસ



## પ્રસંગસર

સ્વાતિ શુક્લ

'ગાંધીનગર સમાચાર' દૈનિક હંમેશા વાચકો માટે, ગુણવત્તાસભર જીવનના ઉચ્ચ મૂલ્યો ચરિતાર્થ કરે તેવી વાચન સામગ્રી રજૂ કરવા પ્રયત્નશીલ રહે છે. ગુજરાતને મૂંઠી ઊંચેરુ બનાવનારા સર્જકોને જન્મદિને યાદ કરીને ઋણ ચૂકવવાનો અવસર ઝીલ્યો છે. આજે એક એવા સર્જકને મળીએ જે મૂળ સ્પેનિશ છે પણ ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા જેટલી ચાહી છે. માતૃભાષા ન હોવા છતાં ગુજરાતી ભાષામાં સફળતાપૂર્વક માતબર પુસ્તકો લખ્યાં છે અને યશસ્વી બન્યાં છે.

તા.૪-૧૧-૧૯૨૫માં સ્પેનના લોગ્રોનામાં જન્મેલા લેખક જીવનચિંતક નિબંધકાર ફાધર વાલેસને આજે યાદ કરીએ. કાકાસાહેબ કાલેલકર જેવા બીજા સવાયા ગુજરાતી સાહિત્યકાર ફાધર વાલેસના પ્રેરણાત્મક લખાણોએ યુવાનોમા નવી જ ચેતના જગાડી છે. ગુજરાત સમાચાર દૈનિકમાં આવતી તેમની કોલમો 'નવી પેઢી', 'સુવિચાર', 'કુમાર'માં 'વ્યક્તિ ઘડતર', પ્રવાસીની 'જનકલ્યાણ' આ લેખમાળાએ ગુજરાતી ભાવકોનું માનસ ઘડવામાં અનેરું યોગદાન આપ્યું છે. ફાધર વાલેસનું મૂળ નામ વાલેસ કાર્લોસ જોસેફ. તેઓ ૧૯૪૧માં ભારતમાં આવ્યા હતા. ૧૯૫૩માં મદ્રાસ યુનિવર્સિટીમાંથી ગણિતમાં એમ.એ.ની પદવી મેળવી હતી. ૧૯૪૯ થી ૧૯૯૯ સુધી ભારતમાં, ને ૧૯૬૦થી ૧૯૮૫ દરમિયાન અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક તરીકે કાર્યરત હતા ત્યારે ગુજરાતી ભાષા શીખીને તેના પર પ્રભુત્વ મેળવ્યું. વિવિધ મેગેઝીનો અને અખબારોમાં કોલમીસ્ટ તરીકે અને વક્તા તરીકે તેઓ પ્રસિદ્ધ થતા ગયા.

તેમણે તરુણોને લક્ષમાં રાખીને 'તરુણાશ્રમ', 'ચારિત્ર્યયજ્ઞ', 'યૌવનવ્રત', 'પ્રસંગબોધ', 'પ્રેરણા પરબ', 'વ્યક્તિ ઘડતર', 'સમાજ ઘડતર', 'સદાચાર', 'કિશોરને', 'નવી પેઢીને', 'કૉલેજજીવન', 'ગાંધીજી અને નવી પેઢી' વગેરે ગ્રંથો આપ્યા છે. તે યુવાનોના જીવનને ઉદાસ બનાવે તેવું જીવન પાથેય યુવાનોના મિત્ર બનીને દાખલા દલીલ દૃષ્ટાંત સાથે આપે છે. યુવાનોના દિલને કેળવવાનું અને ચારિત્ર્યને સંસ્કારવાનું કાર્ય લેખનમાં મિત્ર બનીને આપે છે. તેઓ સદાચારના જ હિમાયતી હતા. તેમના મતે સદાચાર એ પરમ ધર્મ છે. 'સંસાર સાધના', 'લગ્ન સાગર', અને 'ગૃહકલ્યાણ' એ એમના પ્રેમ, લગ્ન, દાંપત્ય, ગૃહસ્થાશ્રમ વગેરે વિષયના માંગલ્યકારી નિબંધગ્રંથો છે. તેમાં અસાર સંસારને સારપૂર્ણ કઈ રીતે બનાવી શકાય તે નવી રીતે સમજાવ્યું છે. તેમનો અભિગમ જીવન માટે ખૂબ જ આશાવાદી છે. 'પવોત્સવ' પુસ્તકમાં તેમણે પર્વોના ઊંડા અર્થોનું મંગલમય તત્ત્વજ્ઞાન દર્શાવ્યું છે. 'ખ્રિસ્તી દર્શન' અને 'ગિરિપ્રવચન' તેમના ખ્રિસ્તીધર્મ તત્વજ્ઞાનના ગ્રંથો છે. તેઓ સર્વધર્મમાં ઊંડી શ્રદ્ધા ધરાવતા. માનવધર્મને શ્રેષ્ઠ ધર્મ માનતા. ૧૯૭૦થી ૧૯૮૦ દરમિયાન તેમણે અમદાવાદના હિંદુ પરિવારોના ઘરે અતિથિ તરીકે રહેવાની 'વિહારયાત્રા' કરી હતી. ઘર-સમાજ સાથે સમરસ થવાનો આ એક અદ્‌ભૂત સફળ પ્રયોગ હતો.

'આત્મકથાના ટુકડા' માં તેમણે તેમના શૈક્ષણિક, ધાર્મિક, સામાજિકને સાહિત્યિક વિકાસની રૂપરેખા આપી છે. 'પ્રભુની પાસે', 'મુરલી', 'ધર્માનુભવ', 'ભગવાનની રોજનીશી' વગેરે પ્રભુતાવિષયક તેમના ભાવનાસભર નિબંધો છે. તેમની નિબંધરીતિ સીધી, સરળ, સંબોધનાત્મક, પ્રેરક અને મૌલિક છે. તેમણે આધુનિક ગણિત પર ગુજરાતીમાં ચૌદ પુસ્તકો લખ્યાં છે. તેઓએ સ્પેનિશ ભાષામાં સિત્તેરથી વધુ પુસ્તકો લખ્યાં છે. તેમના સાતત્યબદ્ધ ચિંતનશીલ લખાણ માટે 'કુમારચંદ્રક', 'શ્રી અરવિંદ સુવર્ણ ચંદ્રક', 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'આચાર્ય કાકા સાહેબ એવોર્ડ' વગેરે બહુમાન પ્રાપ્ત થયાં છે. ગુજરાતીઓ લેખક ફાધર વાલેસના ઋણી છે અને રહેશે. સૌ ગુજરાતીઓના વંદન.